પાના નં.૦૪
ગુજરાત સમાચાર, તા. ૦૭.૧૨.૨૦૨૪

### થલતેજ ગામથી પ્રથમ ટ્રેન સવારે ૬:૨૦ના ઉપડશે

# મેટ્રો આખરે થલતેજ ગામ સુધી લંબાવાઈ :૮મીથી રૂટનો પ્રારંભ

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ મેટ્રોનો રૂટ લંબાવાયો છે અને હવે ૮ ડિસેમ્બરથી તે વસ્ત્રાલથી થલતેજ ગામ સુધી દોડશે. અગાઉ વસ્ત્રાલથી થલતેજ સુધી જ મેટ્રો દોડાવાતી હતી. પરંતુ હવે થલતેજથી ૧.૪૨ કિલોમીટર આગળ થલતેજ ગામ સુધી મેટ્રો જશે.

## હજુ અમદાવાદ-ગાંધીનગરના મેટ્રોના સમગ્ર રૂટમાં ૧૪ સ્ટેશનમાં કામગીરી બાકી

આ રૂટ શરૂ થતાં વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ ૪૫ મિનિટમાં પંહોંચી જવાશે.

૮ ડિસેમ્બરથી થલતેજ ગામથી પ્રથમ ટ્રેન સવારે ૬:૨૦ના ઉપડશે. થલતેજ ગામ સુધી મેટ્રો ટ્રેન લંબાવવા માટેની માગણી છેલ્લે ઘણા સમયથી પડતર હતી. ભાઈકાકા નગર મેટ્રો સ્ટેશનથી થલતેજ ગામતળ તરફ ૬૦ ફૂટનો રોડ હતો, ટીપી પ્રમાણે આ વિસ્તારમાં ૧૦૦ ફૂટનો રોડ હોવો જોઈએ. પરંતુ હવે અહીંથી ટુ-વ્હીલર પણ નીકળી શકે તેટલી જગ્યા નહોતી. મેટ્રો રોડ પર જ પિલર ઊભા કરી દેતા રોડ સાંકડો થઈ ગયો હતા અને જેના કારણે દરરોજ સેંકડો વાહનચાલકોને પરેશાનીનો સામનો કરવો પડતો હતો.

અમદાવાદ મેટ્રોમાં આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર સુધી જ ૩.૩૩ કરોડ મુસાફરોની અવર-જવર નોંધાઈ ચૂકી છે. જેની સરખામણીએ ગત વર્ષે ૧.૯૩ કરોડ જેટલા મુસાફરો હતા. હજુ ગાંધીનગર માટે કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જૂના કોબા, કોબા ગામ, સેક્ટર-૧૦ એ, સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪, મહાત્મા મંદિરમાં સ્ટેશનના કામ ચાલુ છે.

---

## ભૂજ-નખત્રાણા ૪૫ કિ.મી. રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવાશે

ગાંધીનગર, શુક્રવાર

કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભૂજથી નખત્રાણા સુધીનો ૪૫ કિલો મીટર રોડ ફોર લેન હાઈ સ્પિડ કોરીડોર તરીકે વિકસાવવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરવા સરકારે રૂ.૯૩૭ કરોડ મંજુર કર્યા છે.

હાલની સ્થિતીએ ૧૦ મીટર પહોળાઈનો આ માર્ગ હાઈ સ્પિડ કોરીડોર થવાથી સુપ્રસિધ્ધ તીર્થ સ્થળ માતાના મઢ તેમજ નારાયણ સરોવર અને ધોરડો તથા સફેદ રણ જેવા પ્રવાસન સ્થળે આવાગમન માટે ભવિષ્યમાં વધુ સુગમતા થશે. એટલું જ નહિ, આ રસ્તો આંતરરાષ્ટ્રિય સરહદ અને પાનન્ધ્રો લિગ્નાઈટ માઈન્સને જોડતો સૌથી મહત્વનો માર્ગ હોવા ઉપરાંત આ અંતરિયાળ જિલ્લાને રાજ્યના અન્ય જિલ્લાઓ તેમજ દેશના અન્ય રાજ્યોના જિલ્લાઓ સાથે જોડતો રસ્તો પણ છે.